# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૦૬/૨૦૧૮, તા. ૧૧/૦૧/૨૦૧૮

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં અડચણરૂપ તેમજ ગેરકાયદેસર પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, તેના નિરાકરણ માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં અડચણરૂપ પાર્કીંગ અને ગેરકાયદેસર પાર્કીંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. બેઝમેન્ટ,સેલર,ટેરેસ, પાર્કિંગ જેવી કોમન જગ્યા કોઈપણ વ્યકિત દ્વારા અન્ય વ્યકિતને વેચાણ કરી શકાય નહી તથા વ્યકિતગત વપરાશ માટેનો કરાર પણ કરી શકાય નહી જે બાબત નામદાર સુપ્રિમ કોર્ટના સીવીલ અપીલ નંબર-૨૫૪૪/૨૦૧૦ ના જજમેન્ટમાં પણ જણાવેલ છે. અમદાવાદ શહેરમાં પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ કોઈપણ બિલ્ડીંગના બેઝમેન્ટ,સેલર,ટેરેશ,કોમન જગ્યા કે જે વાહનોના પાર્કીંગ કે અન્ય ઉપયોગ માટે રાખવામાં આવેલ છે. તે જગ્યાઓમાં ફોર વ્હીલર, ટુ વ્હીલર, થ્રી-વ્હીલર વિગેરે પ્રકારના જુના તથા નવા વાહનોની લે-વેચ કરતાં વેપારીઓ તેઓના માલીકીના શો-રૂમમાં ડીસપ્લેમાં થોડા વાહનો મુકી બાકીના વાહનો ઉપરોકત પ્રમાણેની કોમન જગ્યામાં મુકે છે. તદ્ઉપરાંત ટુ-વ્હીલર,ફોર વ્હીલર,થ્રી-વ્હીલર રીપેરીંગ કરવાવાળા, ગેરેજોવાળા અને વાહનોમાં એસેસરીઝ ફીટીંગ કરવાવાળા વેપારીઓ પણ આવી કોમન જગ્યાઓ જે જાહેર જનતાના રોજબરોજના પાર્કીંગ માટે રાખવામા આવેલ હોય તે જગ્યા તેઓ વેપાર ધંધા અર્થે આર્થિક ફાયદા સારૂ ગોડાઉન તરીકે તથા વ્યકિતગત વ્યાવસાયિક વપરાશની મિલ્કત તરીકે ઉપયોગ કરે છે. વિવિધ રેસ્ટોરંટ દ્વારા પણ ખુરશી-ટેબલની બેઠક વ્યવસ્થા તથા કેટલીકવાર કિચનની તથા અન્ય વ્યવસ્થા પણ કોમન પ્લેસમાં કરવામાં આવે છે. વિવિધ મોલ, શોપિંગ કોમ્પલેક્ષમાં અમુક દિવસોએ પાર્કિંગની જગ્યામાં એક્ઝીબિશનનાં સ્ટોલ ઉભા કરવામાં આવે છે. ઉપરોક્ત તમામના કારણે આવા શોપિંગ કોમ્પલેક્ષ/મોલની મુલાકાતે આવતા લોકોને ફરજીયાતપણે પોતાના વાહનો ટ્રાફિકને અડચણરૂપ રોડ પર પાર્કિંગ કરવા પડે છે. જેના કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે.

જેથી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ બેઝમેન્ટ તથા પાર્કિંગ જેવી કોઈપણ કોમન જગ્યાનો કોઈપણ વ્યકિત વ્યકિતગત વ્યવસાયિક હેતુ માટે ઉપયોગ કરી શકશે નહીં.

આ જાહેરનામું તા. ૧૧/૦૧/૨૦૧૮ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી અમલમા મૂકવામાં આવે છે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં તમામ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૧/૦૧/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૧૧/૦૧/૨૦૧૮
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.